GJBT020185162025

**બોટાદના મહે.અધિક જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમા, મુકામ–બોટાદ.**

ફોજદારી કેસ નંબરઃ–૧૬૭૫૫/૨૦૨૫
આંકઃ–

શ્રી સરકાર

વિરૂદ્ધ

(૧) ભગીરથભાઇ ઉર્ફે ભગી બાબભાઇ ખાચર,
રહે.કુંભારા, શિવ મંદીર પાછળ, તા.જિ.બોટાદ.

(૨) દીપભાઇ રાજુભાઇ ખાચર,
રહે.કુંભારા, શિવ મંદીર પાછળ, તા.જિ.બોટાદ.

(૩) મહાવિરભાઇ ઉર્ફે માવુ ભીખુભાઇ ખાચર,
રહે.રતનપર, ગ્રામપંચાયત પાસે, તા.જિ.બોટાદ.

(૪) હરદીપભાઇ બાબભાઇ ખાચર,
રહે.રતનપર, મસ્જીદ પાછળ, તા.જિ.બોટાદ.

(૫) રણજીતભાઇ ઉર્ફે સુબો રાજુભાઇ મેણીયા,
રહે.પાળીયાદ, સોમલા બાપુના કુવા પાસે, તા.જિ.બોટાદ.

(૬) ઉમેશભાઇ હિતેશભાઇ મજીઠીયા,
રહે.પાળીયાદ, ગાયત્રીનગર, હાઇસ્કુલ સામે, તા.જિ.બોટાદ.

(૭) મુકેશભાઇ કરમશીભાઇ મેણીયા,
રહે.પાળીયાદ, પોલીસ લાઇન પાછળ, તા.જિ.બોટાદ.

(૮) વિપુલભાઇ ઉર્ફે ગડર ગોપાલભાઇ સોલંકી,
રહે.પાળીયાદ, સોમલા બાપુના કુવા પાસે, તા.જિ.બોટાદ.

**ગુનોઃ– ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૧૦(૨), ૧૧૫(૨), ૧૧૭(૨), ૧૧૮(૧), ૧૮૯(૨), ૧૯૦, ૧૯૧(૨), ૧૯૧(૩), ૩૨૪(૪), ૩૫૨ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ**

## // ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૩૨ મુજબ કમિટલ હુકમ //

(૧) ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકિકત એવી છે કે, આ કામના આરોપીઓએ ગેરકાયદેસર મંડળી રચી પોતાનો સમાન ઈરાદો પાર પાડવા પ્રાણઘાતક હથિયારો સાથે સજ્જ થઈ બે ફોર વ્હીલ ગાડીમાં કુંભારા ગામે ફરિયાદીની પાણીપુરીની લારીએ જઈ આરોપી નં.૧ એ ફરિયાદીને લાકડીનો ઘા મારી બંને હાથે ઈજા કરી તેમજ ફરિયાદીની પાણીપુરીની લારીમાંથી આશરે રૂ.૩૨૦૦/– રૂપિયાની લૂંટ કરી, આરોપી નં.૨ એ ફરિયાદીને લોખંડની પાઈપના બે ઘા મારી છાતીની જમણી બાજુ તથા જમણા ખભા પાસે ઈજા કરી, આરોપી નં.૩ એ સાહેદ પ્રતાપભાઈને લાકડાનો ધોકો ડાબા હાથ ઉપર કોણી પાસે મારી ઈજા કરી, આરોપી નં.૪ એ સાહેદ પ્રતાપભાઈને કુહાડીનો ઘા કરી દાઢી ઉપર ઈજા કરી, આરોપી નં.૫ એ ફરિયાદીને પાછળથી પકડી રાખી, આરોપી નં.૬, આરોપી નં.૭ તથા આરોપી નં.૮ એ ફરિયાદી તથા સાહેદોને આડેધડ માર મારી સાહેદ હિનાબેનને ડાબા હાથના કાંડા ઉપર ઈજા કરી તથા સાહેદ મનસુખભાઈને ડાબા હાથે કોણીપાસે ઈજા કરી, તેમજ તમામ આરોપીઓએ ફરિયાદીની પાણીપુરીની લારીને નુકસાન કરી નાસી જઈ, મ્હે.જિલ્લા મૅજિસ્ટ્રેટ સાહેબશ્રીના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી, આરોપીઓ વિરૂદ્ધ પાળીયાદ પોલીસ સ્ટેશનમાં તા.૧૭/૧૧/૨૦૨૫ ના રોજ ભારતીય ન્યાય સંહિતાની કલમ–૩૧૦(૨), ૧૧૫(૨), ૧૧૭(૨), ૧૧૮(૧), ૧૮૯(૨), ૧૯૦, ૧૯૧(૨), ૧૯૧(૩), ૩૨૪(૪), ૩૫૨ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુન્હાનું ચાર્જશીટ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૧૯૩ અન્વયેનું અત્રેની અદાલતમાં દાખલ કરેલ છે.

(૨) ચાર્જશીટ દાખલ થતાં આરોપીઓ હાજર થતાં તેઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૩૦ મુજબ ચાર્જશીટ તથા પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ અને ત્યારબાદ આરોપીઓનું નીવેદન નોંધવામાં આવેલ અને તેમાં તેઓએ જણાવેલ છે કે, તેઓને

પોલીસ પેપર્સની નકલો મળી ગયેલ છે અને તેઓના વિરૂદ્ધની નામદાર સેશન્સ અદાલતમાં કાર્યવાહીના બચાવ માટે તેઓ ખાનગી વકીલ રોકવા માંગે છે તેમ જણાવેલ છે.

(૩) ફરિયાદીની ફરિયાદ તથા તપાસના કાગળો જોતાં આરોપીઓ સામે ગુનાની ઈન્સાફી કાર્યવાહી કરવાનો અધિકાર ફક્ત નામદાર સેશન્સ અદાલતને જ છે. જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

:: હુકમ ::

આ કામના આરોપી (૧) ભગીરથભાઇ ઉર્ફે ભગી બાબભાઇ ખાચર, રહે.કુંભારા, શિવ મંદીર પાછળ, તા.જિ.બોટાદ, (૨) દીપભાઇ રાજુભાઇ ખાચર, રહે.કુંભારા, શિવ મંદીર પાછળ, તા.જિ.બોટાદ, (૩) મહાવિરભાઇ ઉર્ફે માવુ ભીખુભાઇ ખાચર, રહે.રતનપર, ગ્રામપંચાયત પાસે, તા.જિ.બોટાદ, (૪) હરદીપભાઇ બાબભાઇ ખાચર, રહે.રતનપર, મસ્જીદ પાછળ, તા.જિ.બોટાદ, (૫) રણજીતભાઇ ઉર્ફે સુબો રાજુભાઇ મેણીયા, રહે.પાળીયાદ, સોમલા બાપુના કુવા પાસે, તા.જિ.બોટાદ, (૬) ઉમેશભાઇ હિતેશભાઇ મજીઠીયા, રહે.પાળીયાદ, ગાયત્રીનગર, હાઇસ્કુલ સામે, તા.જિ.બોટાદ, (૭) મુકેશભાઇ કરમશીભાઇ મેણીયા, રહે.પાળીયાદ, પોલીસ લાઇન પાછળ, તા.જિ.બોટાદ, (૮) વિપુલભાઇ ઉર્ફે ગડર ગોપાલભાઇ સોલંકી, રહે.પાળીયાદ, સોમલા બાપુના કુવા પાસે, તા.જિ.બોટાદનાઓ સામેનો કેસ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૩૨ અન્વયે નામદાર ડિસ્ટ્રિકટ એન્ડ સેશન્સ અદાલત, બોટાદ તરફ કમિટ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીએ હવે પછી નામદાર ડિસ્ટ્રિકટ એન્ડ સેશન્સ કોર્ટ, બોટાદ ખાતે ઉપસ્થિત રહેવું.

સદરહું કેસનું તમામ રેકર્ડ, મુદ્દામાલ વિગેરે નામદાર નામદાર ડિસ્ટ્રિકટ એન્ડ સેશન્સ કોર્ટ, બોટાદ તરફ તાત્કાલિક વિના વિલંબે મોકલી આપવું.

સદરહું કેસ કમિટ કર્યાની જાણ જિલ્લા સરકારી વકીલશ્રી, બોટાદને કરવી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તા.૦૬/૦૪/૨૦૨૬
સ્થળઃ–બોટાદ

(ભાવેશભાઇ ગોવીંદભાઇ સોલંકી)
અધિક જ્યુડિશિયલ મૅજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
બોટાદ. (જજ કોડ–જીજે૦૦૯૭૬)